## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મને તારી બુદ્ધિ પર માન છે... તું સાચું વિચારે છે... મને સાચી સલાહ આપે છે પણ ડિયર તુ મને નહાવાની સલાહ ન આપતી...!!



વાવોલ સ્થિત વૈદેહી રેસીડન્સી અને સાર્થક સફલ રેસીડન્સી નજીક સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યુ છે. ખુબ જ ધીમી ગતિથી થઈ રહેલી આ કામગીરીના કારણે પાણીની પાઈપ તુટી ગઈ છે જે રીપેર થઈ નથી. જેના કારણે કાચા રસ્તા પર પાણી ભરાતા કાદવ-કિચડ થઈ રહ્યુ છે. અહીંના વસાહતીઓ પરેશાન થઈ રહ્યા છે.

# પ્રેમીનું ખોટુ મેરેજ સર્ટિ બનાવવા છતાં તેની સગાઈ ના તુટતા અન્ય ૭ના બનાવ્યા

### પાલુન્દ્રા ગામના યુવક-યુવતિઓના ખોટા મેરેજ સર્ટિ બનાવી ફેસબુક પર અપલોડ કરવાના કેસમાં એક મહિલા સહિત બે ની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના દહેગામના પાલુન્દ્રા ગામની યુવક-યુવતિઓના ખોટા મેરેજ સર્ટિફિકેટ



બનાવી તેને સાચા સર્ટિફિકેટ તરીકે સોશિયલ મિડીયા પર અપલોડ કરીને બદનામ કરવાનો પ્રયાસ કરનાર એક મહિલા આરોપી સહિત બે આરોપીઓને ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી લીધા છે.

ગાંધીનગર સાયબર પોલીસ સ્ટેશને તા. ૧૭મી ડિસેમ્બરે પાલુન્દ્રા ગામના એક રહીશે ફરિયાદ નોંધાવી હતી કે કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ફેસબુક પર 'ડી. કે. ચૌહાણ'ના નામથી આઈડી બનાવીને તેમની ભત્રીજી તેમજ ગામના અન્ય દિકરા-દિકરીઓના ખોટા લગ્ન પ્રમાણપત્રો બનાવીને અપલોડ કરવામાં આવ્યાં છે અને દિકરા-દિકરીઓને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગુનો નોંધીને સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેટર પી.આઈ. વાઘેલા તથા તેમની ટીમે દહેગામ પીઆઈ જે. કે. રાઠોડની ટીમની મદદથી તપાસ હાથ ધરી તેના આધારે પાલુન્દ્રાના પિન્ટુભાઈ વિહાભાઈ દેસાઈની પુછપરછ હાથ ધરી હતી. પુછપરછમાં કાજલબેન ઈશ્વરભાઈ દેસાઈ રહે. રબારીવાસ, પાલુન્દ્રા તથા ઉર્વશી રાજેન્દ્રસિંહ ચૌહાણ રહે. લીમ્બ, તા. બાયડ દ્વારા તેમનું આશિષકુમાર અજિતસિંહ નામના યુવક સાથે મેરેજ સર્ટિફિકેટ બનાવી વાઈરલ કરવામાં આવ્યું હતું. આ આધારે સાયબર ક્રાઈમ પોલીસે કાજલબેનની ધરપકડ કરી પુછપરછ કરતા પાલુન્દ્રા ગામના યુવક-યુવતિઓના નામવાળા ખોટા મેરેજ સર્ટિફિકેટ બનાવી તેની ચિલોડા ખાતેના તિરૂપતિ ઝેરોક્ષ ખાતે કલર પ્રિન્ટ કઢાવી તેના પર જાતે સહી કરી 'ડી.કે. ચૌહાણ' નામના ખોટા આઈડીથી ફેસબુક પર અપલોડ કરવામાં આવ્યાં છે. જેના ફોટા મનિષ રબારીને મોકલીને તેની પાસે પણ અપલોડ કરાવ્યા હતા. આથી પોલીસે મનિષ અમરતભાઈ રબારી રહે. બોરીજની અટકાયત કરી પુછપરછ કરતા તેણે ગુનો કબુલી લીધો હતો.

પોલીસે સમગ્ર પ્રકરણમાં કાજલબેન ઈશ્વરભાઈ દેસાઈ તથા મનિષ અમરતભાઈ રબારીની ધરપકડ કરી બે વીવો કંપનીના ફોન કિંમત રૂ. ૪૫૦૦ જપ્ત કર્યા છે. પોલીસ તપાસમાં આ ગુનો કાજલબેન દેસાઈને પાલુન્દ્રા ગામના અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમસંબંધ હતો જેની સગાઈ તોડવા ખોટુ મેરેજ સર્ટિફિકેટ બનાવી વાઈરલ કરવા છતાં સગાઈ ના તુટતાં પોતાની બદનામી છુપાવવા બીજા અન્ય ૭ ખોટા મેરેજ સર્ટિફિકેટ બનાવી મનિષ રબારીની મદદથી વાઈરલ કરાવ્યાં હતા.

# વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવાની માંગ સાથે મહાસંઘના મૌન ધરણા

ગાંધીનગર, તા. ૨૦

આગામી જાન્યુઆરી માસમાં ગુજરાત સરકાર દ્વારા વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨નું મહાસંઘે ફરી માંગણી દોહરાવી આજે સે. ૬ માં સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે એક કલાક મૌન ધરણાં યોજ્યાં હતા. આ ધરણામાં શહેર દ્વારા રજૂઆત કરવા સાથે જિલ્લા કલેક્ટર અને ભાજપ પ્રદેશ પ્રમુખને પણ આવેદનપત્ર પાઠવી ચુક્યું છે. આજે મહાસંઘે વાઈબ્રન્ટ સમિટને




આયોજન કરવામાં આવ્યું છે અને બીજી તરફ કોરોના વાઈરસના ઘાતક ગણાતા નવા વેરિયન્ટ ઓમીક્રોને ગાંધીનગરમાં એન્ટ્રી કરી લીધી છે જેના પગલે શહેરમાં ભયનું વાતાવરણ પ્રસરવા પામ્યુ છે ત્યારે વાઈબ્રન્ટ સમિટને હાલ પુરતી મોકુફ રાખવા માટે શહેર વસાહત વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા સહિત અન્ય હોદ્દેદારો પણ જોડાયાં હતા. અગાઉ પણ વસાહત મહાસંઘ ઓમીક્રોનના પગલે વાઈબ્રન્ટ સમિટને મોકુફ રાખવા વડાપ્રધાન કેન્દ્રિય ગૃહમંત્રી તથા ગાંધીનગર સાંસદ, રાજ્યના મુખ્યમંત્રીને પત્ર નાગરિકોના જાહેર આરોગ્યને અનુલક્ષીને મોકુફ રાખવાની માંગણી સાથે સત્યાગ્રહ છાવણી ખાતે મૌન ધરણાં કરી પ્રદર્શન કર્યુ હતું.

## પેથાપુરમાં નવકાર મંત્ર વિધાન ભણાવાયું

શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન ચૈતાલય, સ્વપ્રવિલા ૩ ખાતે નવકાર મંત્ર વિધાન ભણાવાયું હતું. પેથાપુર ખાતે કમલેશભાઈ શાહ પરિવાર તરફથી આર્યિકા સમર્થ માતાજી તથા સાર્થક માતાજીના સાંનિધ્યમાં નવકાર વિધાન ભણાવવામાં આવ્યું હતું. જેમાં જૈન ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમમાં બટન પેસ્ટીંગ એક્ટિવીટી યોજાઈ

એસ. કે.પટેલ કે.જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં બટન પેસ્ટીંગ એક્ટિવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ચાર્ટ પેપર પર ટ્રી, સ્ટાર ફિશ, ડક, લેડી બર્ડ, સ્નેઈલ, આઈસક્રીમ કપ, વગેરે દોરી ને તેમાં બટન પેસ્ટીંગની એક્ટિવિટી કરવામાં આવી હતી. તેમાં બાળકોને પણ ખૂબ જ મજા આવી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપા દ્વારા ૨૪, ૩૦ ડિસેમ્બરના રોજ રાંધેજા તેમજ ઈન્દ્રોડા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયુ છે.
- રાજયના ૮ શહેરોમાં મુકવામાં આવેલ નિયંત્રણો ૩૧-૧૨-૨૧ સુધી લંબાવવાનો નિર્ણય સરકારે કર્યો છે.
- ખેતીવાડી વિભાગે પણ સંયુક્ત અને નાયબ નિયામક સંવર્ગના અધિકારીઓને નોડલ ઓફિસર જિલ્લાના બનાવી દર પંદર દિવસે જિલ્લાની મુલાકાતે જવાના આદેશો જારી કર્યા છે.
- બિહાર વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના સભ્યોએ આજે ગાંધીનગર મનપાની તેમજ ગાંધીનગર શહેરની મુલાકાત લીધી હતી.
- કલોલ એસ.જી.પી. દ્વારા ગઈકાલે યોજાયેલ સમારોહમાં જિલ્લા પંચાયતના સદસ્ય અનિલ પટેલનું મુખ્યમંત્રીના હસ્તે તથા એસ.પી.જી. ટીમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.
- ગાંધીનગર શહેરના ટ્રાફિક સિગ્નલો આજે સાંજે બંધ થઈ જતાં ટ્રાફિક પોલીસે ઉભા રહીને ટ્રાફિક નિયમન કર્યુ હતુ.
- ગાંધીનગર સમાચારના પત્રકાર નિકેશ બ્રહ્મભટ્ટના ભાઈ રાકેશભાઈ બ્રહ્મભટ્ટનું યુવા વયે હૃદયરોગના હુમલાથી અવસાન થયુ છે.
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે જુનિ. ક્લાર્ક તેમજ ઓફિસ આસિ.ની જે પરીક્ષાઓ ફેબ્રુઆરીમાં યોજાવાની હતી તે હાલ સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.
- શેર બજારમાં આજે બોલેલા કડાકાને પગલે શેર બજાર સાથે સંકળાયેલા નગરજનોમાં સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો.

# રાજ્યમાં ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ માટે મેરીટ તેમજ લાયકાતના ધોરણો નક્કી કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ માટે મેરીટ તેમજ લાયકાતના નવા ધોરણો શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના ઠરાવમાં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦માં પાસ થનાર અને ડિપ્લોમાં ઈજનેરી પ્રવેશની લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે બન્ને ગણિત એટલે કે ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડ બન્નેને પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩ થી સમકક્ષ (છૂટ્ટી) ગણવાના રહેશે. દિવ્યાંગ વિદ્યાર્થીને ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦માં નાપાસ થતા વિષય/વિષયોમાં ૨૦ ગુણ સાથે પાસ જાહેર કરવામાં આવે છે. ડિપ્લોમા પ્રવેશ માટેની દિવ્યાંગ વિદ્યાર્થીઓની ઉપલબ્ધ બેઠકો અને પ્રવેશ મેળવેલ દિવ્યાંગ ઉમેદવારોની છેલ્લાં ત્રણ વર્ષની આંકડાકીય માહિતીનો સમિતિ દ્વારા અભ્યાસ બાદ કરવામાં આવ્યો હતો.

સમિતિની ભલામણ અનુસાર કુલપતિશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા છૈંઝ્રઈ, ન્યુ દિલ્હીને ધોરણ-૧૦ પાસ થતાં દિવ્યાંગ વિદ્યાર્થીને ખાસ કિસ્સામાં ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે લાયક ગણવા અને વર્ષ ૨૦૨૨-૨૩ની હેન્ડબુકમાં લાયકાતના ધોરણ તરીકે પ્રદર્શિત કરવા વિનંતી કરતો પત્ર લખવાનો રહેશે. જ્યાં સુધી છૈંઝ્રઈ, દિલ્હી દ્વારા આ બાબતે સ્પષ્ટતા અને તે પ્રોસેસ હેન્ડબુક ૨૦૨૨-૨૩માં પ્રદર્શિત ન થાય ત્યાં સુધી આ બાબતે હાલનો નિયમ ૫ (ક) યથાવત રાખવાનો રહેશે અને હાલ દિવ્યાંગ ઉમેદવારો માટે જે મુજબ પ્રવેશ લાયકાત અને ગુણવત્તા યાદીની કાર્યવાહી ચાલે છે તે મુજબ જ પ્રવેશ લાયકાત અને ગુણવત્તા યાદીની કાર્યવાહી યથાવત રાખવાની રહેશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમોનુસાર વિદ્યાર્થીને પાસ કરવા માટે કૃપા ગુણ આપવામાં આવે છે. ખાલી બેઠકોની ઉપલબ્ધિ અને વિદ્યાર્થીઓના બહોળા જાહેર હિતને ધ્યાને લઈ કૃપા ગુણ ફૂલ ગુણમાં ઉમેરતા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી સાથે ન્યુનતમ ૩૫ ટકા માર્ક સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઈજનેરીના પ્રથમ વર્ષમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી એટલે કે તા. ૧-૧૧-૨૦૨૧ની અસરથી પ્રવેશપાત્ર ગણવામાં આવશે.

## વાઈબ્રન્ટ અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને S.S.I.T. વચ્ચે ટૉય ઈનોવેશન અંગે M.O.U.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ અંતર્ગત ૨૦મી ડિસેમ્બરને સોમવારે એમ.ઓ.યુ. સાઈનિંગ સેરેમની યોજાઈ હતી. જેમાં ટેક્નિકલ અને હાયર એજ્યુકેશન વિભાગ અંતર્ગતની શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે એમ.ઓ.યુ. કરાયા હતા. તેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને એસ.એસ.આઈ.ટી.-ભાટ, ગાંધીનગર વચ્ચે ટૉય ઈનોવેશન ક્ષેત્રે વ્યૂહાત્મક ભાગીદારી માટે એમ.ઓ.યુ. થયા હતા. રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વતી ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તા અને એસ.એસ. આઈ.ટી.-ભાટ ગાંધીનગર વચ્ચે સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ તેમજ ઉદ્યોગના રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માની હાજરીમાં આ એમ.ઓ.યુ. સાઈન થયા હતા. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ, સ્કૂલ ઑફ ઈન્ડિક સ્ટડીઝના ડાઈરેક્ટર ડૉ. નિમિષ વસોયા, ડેપ્યુટી રજિસ્ટ્રાર હર્ષદભાઈ પ્રજાપતિ તેમજ એસ.એસ.આઈ.ટી. ગાંધીનગરના ડાઈરેક્ટર ધર્મેન્દ્ર વંદરા તેમજ પ્રિન્સિપાલ હિતેશ વંદરા ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.એસ.વી શાળામાં ઉર્જા સંરક્ષણ વિષય પર ક્વિઝ

ગાંધીનગર, તા. ૨૦

આધુનિક ટેક્નોલોજીના સમયમાં મનુષ્ય એ પોતાની




સગવડ માટે ઘણા નવા નવા યંત્રની શોધ કરી છે. જેમ કે પહેલાં વાહન વ્યવહાર માટે પશુઓ કે લાકડાંના ગાડાનો ઉપયોગ થતો હતો. પરંતુ સમય જતાં તેની જગ્યા મોટરકાર, વિમાન, સ્ટિમર, ટ્રેન જેવા સાધનોનો ઉપયોગ થવા લાગ્યો છે. કારખાનામાં પણ મનુષ્યની જગ્યાએ પણ યંત્રોનો ઉપયોગ થઈ રહ્યો છે. આમ હવે મનુષ્ય રોજબરોજના કાર્યમાં યંત્રોના ઉપયોગ પર નિર્ભર બની રહ્યો છે. જે ચલાવવા ઉર્જાનો ઉપયોગ થાય છે. પરંતુ આપણે બધા જાણીએ છીએ કે આપણી પાસે ઉર્જાનો જથ્થો સીમિત પ્રમાણમાં છેઅને જે પ્રમાણે ઉર્જાનો ઉપયોગ થઈ રહ્યો છે, તે જોતાં નજીકના ભવિષ્યમાં ઉર્જા નષ્ટ થઈ શકે તેમ છે. તો આપણા બધાની ફરજ છે કે આપણે ઉર્જાનું મહત્વ સમજીએ અને તેનો ઉપયોગ કરકસર પૂર્વક કરી તેની બચત કરવી જોઈએ.

**સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરનાર માટે જલ્દીથી વર્ગ-૩ ની નોકરી મેળવવા બાબત**

કોઈના કોઈ કારણસર છેલ્લા કેટલાક સમયથી વિવિધ સંવર્ગની પરિક્ષાઓ રદ થાય છે. જેથી નોકરીની રાહ જોનારે નિરાશ થવું પડે છે.
આપ જો ઝડપથી કલાર્ક કે તલાટીના સમકક્ષ ગ્રેડ (પગાર ધોરણ) ની નોકરી મેળવવા માંગત હો તો અમારી પાસે તેનો ઉપાય છે.
ટૂંક સમયમાં જ પંચાયત વિભાગ હેઠળની મલ્ટીપરપઝ હેલ્થ વર્કર (MPHW)/ સેનેટરી ઈન્સ્પેકટરની લગભગ ૩૦૦૦ જેટલી જગા ભરવા માટે જાહેરાત આવનાર છે. જેમાં આપને નોકરી મળવાના પુરતા ચાન્સ છે.
આ માટે આપ અમારો સંપર્ક કરી તાત્કાલીક એક માસમાં એકસટર્નલ તરીકે પરિક્ષા આપી સત્વરે પરિણામ મેળવી આવનારી જાહેરાતોમાં અરજી કરી શકો છો. વધુ માહિતી માટે કોલ કરી રૂબરૂ મળી શકો છો.

**લોર્ડ ક્રિશ્ના ટ્રસ્ટ - M. 9825743744**
બ્લોક નં. સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ-૭

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદીનો અમૃત મહોત્સવ

દરેક ખેડૂતની દરકાર કરે છે ગુજરાત સરકાર



ગુજરાત સરકાર લાવી છે



**ખેડૂતને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાય યોજના**

**સ્માર્ટ ફોન ખરીદવા પર ખેડૂતોને મળશે**

**સ્માર્ટ ફોનની કિંમતના ૧૦% અથવા રૂ.૧૫૦૦/- સુધીની સહાય**

**સહાયની રકમ સીધી ખેડૂતના બેંક ખાતામાં જમા થશે**

**પાત્રતા અને અરજીની રીતઃ**
- જમીન ધારણ કરતા તમામ ખેડુતોને ખાતાદીઠ મળવાપાત્ર
- અરજી આઈ ખેડૂત પોર્ટલ પર વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવાની રહેશે
- એક કરતાં વધુ ખાતા ધરાવતા ખેડૂતને એક જ ખાતા પર સહાય મળશે
- રાજ્યમાં એક લાખ અરજીઓને વહેલા તે પહેલાના ધોરણે મંજૂરી આપવામાં આવશે

**સ્માર્ટ ફોનથી ખેડૂતને મળતી સગવડોઃ**
- હવામાન ખાતાની આગાહી
- વરસાદની આગાહી
- સંભવિત રોગ જીવાતના ઉપદ્રવની માહિતી
- જીવાત નિયંત્રણની માહિતી
- કૃષિ વિષયક પ્રકાશનો
- કૃષિ તકનીક વિશેની માહિતી
- સરકારી યોજનાઓની માહિતી અને તેની અરજી

**ખેડૂતે રજૂ કરવાના દસ્તાવેજોઃ**
- જીએસટી નંબરવાળું સ્માર્ટ ફોન બિલ
- મોબાઈલનો આઈએમઈઆઈ નંબર
- ૮ અ ની નકલ
- કેન્સલ ચેક અને આધાર કાર્ડ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ગુજરાત સરકાર